
(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં લોકમેળો યોજાયો

પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ભરાતા ભવ્ય લોકમેળો યોજાયો હતો. મેળામાં ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી અનેક ભક્તો ભગવાન શામળીયાના દર્શને ઉમટી પડ્યા હતા. જ્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકો માટે તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રાજ્યના સુપ્રસિદ્ધ મેળાઓમાં સ્થાન ધરાવતા શામળાજી મેળામાં કારતકી પૂનમે ભરાતા લોકમેળામાં અનેક રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. ૩ દિવસ ચાલનારા મેળામાં હજારો શ્રદ્ધાળુઓ ડેમની તળેટીએ આવેલ નાગધરા કુંડમાં સ્નાન કરી શામળીયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મેળામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેમાં ૫૦૦ કરતા પણ વધારે પોલીસ અધિકારી કર્મચારીઓ અને એસ.આર.પી.ની ટુકડીને ખડકી દેવામાં આવી હતી. ઉપરાંત રાઉન્ડ ધ ક્લોક પોલીસ પેટ્રોલીંગ પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત શામળાજી મંદિર ખાતે ચાલનારા બે દિવસીય મેળામાં નદીના પટમાં સ્થિત નાગધારા ખાતે સેવાભાવી સંસ્થા દ્વારા એક લાખ કરતા વધારે લોકો માટે જમવા અને ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બે ટ્રક સામસામે ટકરાતા ત્રણના કરૂણ મોત થયા

પોઈચા ગામની નજીક વહેલી સવારે સળિયા ભરેલી ટ્રક સાથે ઘેટા ભરેલી બીજી ટ્રક ધડાકાથી ટકરાઈ જતા બનાવ

વડોદરા, તા.૦૬

ગુજરાતમાં ગમખ્વાર અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. આજે દેવદિવાળી પર્વના દિવસે વડોદાર-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આવેલા પોઈચા ગામ પાસે બે ટ્રક સામસામે ટકરાતા ત્રણ લોકોના મોત થયા હતા. ૧૦૦ જેટલા ઘેટાના પણ મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. અકસ્માતના કારણે ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી.

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આવેલા પોઈચા ગામ પાસે આજે વહેલી સવારે સળીયા ભરેલી એક ટ્રક ઉભી હતી ત્યારે અચાનક જ ઘેટા ભરેલી બીજી ટ્રક પૂરપાટ ઝડપે આવી હતી અને સળીયા ભરેલી ટ્રકની પાછળ ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે ૧૦૦ જેટલા ઘેટાના પણ આ અકસ્માતમાં મોત નિપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અને અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય લોકોની મોડેથી ઓળખ થઇ શકી ન હતી. એક્સપ્રેસ હાઈવે પર આને લઇને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

યા દેવી સર્વેભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થીતા નમસ્તયૈ, નમસ્તયૈ, નમસ્તયૈ નમો નમઃ આજે દેવ દિવાળીના દિવસે વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી શક્તિપીઠ ખાતે દૂર દૂરથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ હતું. આ પર્વે સુવર્ણ જડીત ગગનચુંબી શિખરે રંગબેરંગી માનુ મંદિર સુશોભીત બની ઝળહળી ઉઠ્યું હતું.

કાંકરિયા તળાવની સફાઈ માટે વિપક્ષી નેતાની માંગ

અમદાવાદ, તા.૦૬

શહેરનું ઐતિહાસિક કાંકરિયા તળાવને ડેવલોપ કરવામાં આવ્યા પછી શહેરીજનો અને બહારગામથી આવતાં સહેલાણીઓ માટે એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જે લોકો પ્રથમ વાર અમદાવાદ આવતા હોય છે તે લોકો કાંકરિયા તળાવની અચૂક મુલાકાત લેતા હોય છે. જેથી રોજ હજારોની સંખ્યામાં લોકો તેની મુલાકાત લે છે પરંતુ કાંકરિયા તળાવના પાણીની દુર્ગંધથી ત્યાં આવતા લોકો હેરાન-પરેશાન થઈ જાય છે. જેથી તળાવની સુંદરતા જળવાઈ રહે તે માટે કાર્યવાહી કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતાએ જણાવ્યું હતું.

અગાઉ દર વર્ષે કાંકરિયા તળાવ ચોમાસા દરમ્યાન વરસાદી પાણીથી ભરાઈ જતું હતું પરંતુ છેલ્લા બે વર્ષથી તેમાં વરસાદી પાણી ઓછા પ્રમાણમાં આવતું હોવાથી કાંકરિયા તળાવમાં મોટા પ્રમાણમાં લીલ જામી ગઈ છે જેથી તળાવનું પાણી લીલા રંગનું થઈ ગયું છે માછલીઓ પણ મરી જાય છે જેને કારણે ખૂબ જ દુર્ગંધ ફેલાય છે. સવારે મોટી સંખ્યામાં સીનીયર સિટીઝન મોર્નિંગ વોક કરવા આવતા હોય છે, અને સાંજે પણ સહેલાણીઓ આઓવતા હોય છે.

મોડાસા બસ ડેપોને દિવાળીના તહેવારોમાં ૪૮ લાખની આવક

મોડાસા, તા. ૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રથમ નંબરની આવક મેળવનાર મોડાસા બસ ડેપોએ આ વખતે દિવાળીના ૮ દિવસોમાં ૪૮ લાખ જેટલી માતબર રકમની આવક કરી બે જિલ્લામાં પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

દિવાળીના પર્વો અને વેકેશનના ગાળામાં મુસાફરોની થયેલ મોટા પાયે અવરજવર મોડાસા બસ ડેપોને ફળી હોય તેમ તહેવારોના આઠ દિવસોમાં એસ.ટી. ડેપોની આવક ૪૮ લાખ રૂપિયા થવા પામી છે. આ આવક માટે બસ ડેપો દ્વારા મુસાફરોને સલામત પહોંચાડવા માટે ભીડભાડ ન થાય તેવા હેતુસર મોડાસાથી અમદાવાદ, સુરત, વડોદરા સુધી વધારાની બસો દોડાવી અને મુસાફરોને પોતાના ઠેકાણે પહોંચાડવા માટે મોડાસા બસ ડેપોએ સરાહનીય કામગીરી કરી હતી. ગત વર્ષની સરખામણીમાં બસનું ભાડુ ઘટવા છતા બસ ડેપોને ગત વર્ષની સરખામણીમાં ૧૦ટકા આવકમાં વધારો નોંધાયો હતો.

(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

૪૪૨૩ લાભાર્થીને મકાનના દસ્તાવેજો સોંપવામાં આવ્યા

પ્રાંત કચેરી અને રેફરલ હોસ્પિટલનું લોકાર્પણ : મુખ્યમંત્રી આનંદીબેન દ્વારા કલ્યાણના વિકાસ કાર્યક્રમનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૦૬

કચ્છની મુલાકાતે ગયેલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા પ્રજા કલ્યાણના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ વિકાસ કામોમાં ગઢશીશા પોલીસ સ્ટેશનનું રૂા. ૬૭.૫૦ લાખના ખર્ચે બાંધકામનું ખાતમુહૂર્ત, ઉમરસર લિગ્નાઈટ ખાણનો મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. રૂા. ૫૫.૦૮ લાખના ખર્ચેથી બનેલા માંડવી મરીન પોલીસ સ્ટેશનનું લોક સેવામાં અર્પણ કરવામાં આવ્યું હતું સાથે સાથે નલીયા ખાતે રૂા. ૩૪૫ લાખના ખર્ચથી નવનિર્મિત પ્રાંત કચેરીનું લોકાર્પણ કરાયું હતું, જ્યારે રાપર તાલુકાના પલાસવા ખાતે રૂા. ૩૫૬ લાખથી નવી બનેલી રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર પર લોક સેવા અર્થે અર્પણ કરવામાં આવ્યું હતં. આ જ રીતે ૪૪૨૩ લાભાર્થીઓને મકાનોના દસ્તાવોજ (લાલબુક)નું વિતરણ કરવામાં આવ્યું હતું. મદારી જાતિના ૩૫ લાભાર્થીઓને પ્લોટની સનદો અપાઈ હતી, અંજાર શહેરના ૫૦ ભાડૂતોને જમીન પ્લોટની ફાળવણી કરાઈ હતી, જ્યારે ૧૧૦ સરકારી કર્મચારી તથા ૪૯ અધિકારીને પ્લોટ ફાળવણી પણ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લાના સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ ત્રિકમભાઈ છાંગા, ધારાસભ્યો પંકજ મહેતા, વાસણભાઈ આહિર, રમેશભાઈ મહેશ્વરી, ડો. નીમાબેન આચાર્ય, ગુજરાત ગોપાલક નિગમના ચેરમેન અરજણભાઈ રબારી, ભુજ નગરઅધ્યક્ષા હેમલત્તાબેન ગોર વગેરે હાજર રહ્યા હતા.

શબ્દાવલી - ૫૫૫૨



આડી ચાવી

૧. ખુનરેજી, કાપાકાપી (૫)
૫. પિતા, બાપુજી (૨)
૭. બકાલુ, સબ્જી (૨)
૮. વાસણને હિન્દીમાં... કહેવાય (૩)
૧૧. ના પાડવી (૪)
૧૩. 'તકદીર' આડુંઅવળું થઇ ગયું છે (૪)
૧૫. બેઠો માર, ... માર (૨)
૧૬. નાગણ (૩)
૧૮. લાજ, ઇજ્જત (૩)
૧૯. તુકારેથી બોલાવવું, ... કરવો (૩)
૨૦. ઠંડીથી બચવા લાકડા વગેરે સળગાવીને... કરાય (૩)
૨૨. અંધારૂ (૩)
૨૩. પીળા ફુલવાળુ એક ઝાડ જેની શીંગો દવાના કામમાં આવે (૪)

ઊભી ચાવી

૧. ખોટા ખોટા કોઇના વખાણ કરવા તે (૪)
૨. ઘ્રાણેન્દ્રિય (૨)
૩. ભગવાન, ઇશ્વર (૨)
૪. ભજન, કથા વગેરે (૩)
૬. હોલો, પારેવડુ (૩)
૯. વ્યર્થ, કામ વગરનું (૩)
૧૦. ઓસરી (૪)
૧૨. જીદ, જક્ક (૨)
૧૪. દીપક, દીવો (૨)
૧૭. એક ખનિજ પ્રવાહી ધાતુ (૨)
૧૮. કુશળતા, હોંશિયારી (૩)
૧૯. બાણ, તીર (૩)
૨૧. ... ઘૂંઘરું બાંધી મીરા નાચી રે... (૨)

શબ્દાવલી ૫૫૫૧ના જવાબ

આડી ચાવી :- (૧) ઓરસિયો (૪) તોરણ (૬) લાજમલાજો (૮) ઇનામ (૧૦) યુઝ (૧૨) રામલીલા (૧૪) ગરીમા (૧૭) મસાણ (૧૮) ભારત (૨૦) પેગામ (૨૧) કરજ (૨૨) ચટણી (૨૩) મત

ઊભી ચાવી :- (૧) ઓરમાયુ (૨) સિલાઇ (૩) યોજના (૪) તોલા (૫) રજો (૭) મમરા (૯) વિલાયત (૧૧) ઝગમગાટ (૧૩) મહાભારત (૧૫) રીસામણી (૧૬) માણ (૧૯) રજ (૨૦) પેચ (૨૧) કમ

દેવદિવાળી ઉજવી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ શ્રીલંકન ટીમે એક પછી એક ઝડપથી વિકેટ ગુમાવી હતી. એકમાત્ર સાંગાકારા ૬૧ અને મેથ્યુસ ૯૨ બનાવી શક્યા હતા. મેથ્યુસે છેલ્લે સુધી નોટઆઉટ રહીને કેપ્ટન ઈનિંગ્સ રમી હતી તે ૧૦૧ બોલમાં ૯૨ રન બનાવી નોટ આઉટ રહ્યો હતો. અમદાવાદમાં મેચને લઈને છેલ્લા કેટલાક દિવસથી ભારે ઉત્સુકતા જોવા મળી હતી. મેદાન પર હાઉસફુલની સ્થિતી વચ્ચે ભારતે શાનદાર બેટિંગ કરી હતી. જીતવા માટેનો જુમલો ઓછો હોવાથી ભારતે સાવધાનીપૂર્વકની બેટિંગ કરીને ધીમી રમત શરૂઆતમાં રમી હતી પરંતુ નિર્ણાયક ઓવરમાં ઝડપી રમત રમી હતી. પ્રથમ વનડ મેચ ભારતે જંગી અંતરથી જીતી લીધા બાદ ચાહકોમાં પહેલાથી જ ભારે ઉત્સુકતા હતી. અમદાવાદમાં મેચ જીતીને ભારત વન ડેશ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી હતી. પ્રવાસી ટીમ પ્રથમ મેચમાં હારનો સામનો કર્યા બાદ આજે બીજી મેચમાં પણ કોઈ વધારે સારી રમત રમી શકી ન હતી. નિયમિત કેપ્ટન ધોનીની ગેરહાજરીમાં વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા મેદાનમાં હાલમાં ઉતરી રહી છે. ધોનીને થોડાક દિવસ માટે આરામ આપવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયા અને વર્લ્ડ કપને ધ્યાનમાં લઈને ધોનીને આરામ આપવામાં આવ્યો છે. અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે સૌથી જંગી જુમલો ખડકવાનો રેકોર્ડ આફ્રિકાના નામ પર રહ્યો છે. પરંતુ શ્રીલંકાની બેટિંગ પહેલા આવતા આની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. આ મેદાન ઉપર સૌથી જંગી જુમલો આફ્રિકાએ બે વિકેટે ૩૬૫ રનનો જુમલો ખડક્યો હતો. આ મેદાન પર સૌથી જંગી વ્યક્તિગત સ્કોર કરવાનો રેકોર્ડ ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગલીના નામે છે જે આજે અકબંધ રહ્યો હતો. ગાંગુલીએ આ મેદાન પર વર્ષ ૨૦૦૦માં ઝિમ્બાબ્વે સામે ૧૪૪ રન ફટકાર્યા હતા. ઈનામ વિતરણમાં અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. મેચ જોવા માટે ભાજપના પ્રમુખ અમિત શાહ પહોંચ્યા હતા. અન્ય ટોચના લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સરપંચોનું સંમેલન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવાગંણે જણાવ્યું છે કે આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાન તથા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલ વિશેષ ઉપસ્થિત રહી સ્વચ્છતા વિશે વિશેષ વાતો કરશે. તેમણે જણાવ્યું હતું કે ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોની પસંદગી આ સંમેલન માટે કરવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તબક્કાવાર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ સફાઈ ઝુંબેશ પાંચ વર્ષ સુધી ચાલશે. આ સંમેલનમાં ટોટલ સેનીટેશન પ્રોગ્રામની પણ સમીક્ષા કરવામાં આવનાર છે. આ સંમેલનમાં સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રામ્ય સ્તરે સ્વચ્છતા સમિતિની રચના કરવા સહિતના વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચાઓ થશે. આ સંમેલનમાં સ્વચ્છતા મિશન અંતર્ગત એક ખાસ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યું છે તે પણ દર્શાવવામાં આવનાર છે. આજે જિલ્લાનું તંત્ર આખો દિવસ સ્વચ્છતા માટે યોજાયેલ પાંચ બેઠકોમાં વ્યસ્ત રહેશે. જિલ્લામાં હવે સ્વચ્છતા મિશનની કામગીરીને લઈ આગામી દિવસોમાં સઘન બનશે તેવા સંકેત મળી રહ્યા છે.

મોટેરા સ્ટેડિયમ પર મોટી સંખ્યામાં ચાહકો ઉમટ્યા

અમદાવાદ,તા.૬

અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચ દરમિયાન આજે મેદાન પર હાઉસફુલની સ્થિતિ રહી હતી. અલબત્ત હાઈસ્કોરિંગ મેચ બની ન હતી જેથી ક્રિકેટ ચાહકોને નિરાશા હાથ લાગી હતી પરંતુ મેદાન ઉપર ભારત અને શ્રીલંકા વચ્ચેની ડે નાઈટ વનડે મેચ જોવા મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. મેદાન પર હાઉસફુલની સ્થિતિ રહી હતી. મેચ જોવા માટે બોલીવુડના અભિનેતા પરેશ રાવલની પણ ઉપસ્થિતિ રહી હતી.

આ ઉપરાંત ભાજપના વરિષ્ઠ નેતા નરહરી અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા. મેચ જોવા માટે પરેશ રાવલ ઉપરાંત ઈન્ડિયન અને કુરુક્ષેત્ર ફિલ્મમાં વિલનની ભૂમિકા ભજવનાર મુકેશ ઋષિ પણ ઉપસ્થિત રહ્યો હતો. મેચ દરમિયાન અને મેચ પહેલા કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવાયા હતા. મોટેરા સ્ટેડિયમ તરફ દોરી જતા તમામ રસ્તાઓ ઉપર પોલીસ જવાનો ગોઠવાઈ ગયા હતા. ટ્રાફિક જવાનો પણ ચારેબાજુ જોવા મળ્યા હતા. તમામ વાહનો અને લોકોની ઉંડી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેના લીધે લોકોને કેટલીક તકલીફ નડી હતી પરંતુ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તમામ પગલા લેવાયા હતા.

મોટેરા સ્ટેડિયમ પર કેટલાક નીતિનિયમો પણ લાગૂ કરવામાં આવ્યા હતા. મેદાનમાં પ્રવેશ પહેલા તમામ લોકોની ઉંડી ચકાસણી કરવામાં આવી હતી. જો કે, આ મેચને લઈને જોરદાર ક્રિકેટ ક્રેઝ જોવા મળ્યો હતો. ભારત અને શ્રીલંકાની મેચ દરમિયાન પહેલા શ્રીલંકાની બેટિંગ આવી હતી. ભારતીય બોલરોની ધારધાર બોલિંગ સામે શ્રીલંકાના બેટ્સમેનો ટકી શક્યા ન હતા અને જંગી જુમલો ખડકવામાં નિષ્ફળ રહ્યા હતા.

અમદાવાદમાં રોગચાળાને ડામવા કોર્પોરેશન સંપૂર્ણપણે ફલોપ

શહેરમાં ડબલ સિઝનમાં ઠંડક-ગરમીના રોગીષ્ઠ હવામાનને લઈને મચ્છરોની ઉત્પત્તિ વધતી ગઈ છે તેમજ ઝાડા-ઉલ્ટી, કમળો વાયરલ તાવ અને શરદી-ખાંસી, મેલેરિયા અને ડેન્ગ્યુના દર્દીઓનું પ્રમાણ વધી ગયું છે. શહેરીજનો અને કાઉન્સીલરોની રજુઆતના સંદર્ભમાં અસરકારક આરોગ્ય સેવા માટે કેટલીક બાબતે ધ્યાન આપવું જોઈએ પરંતુ તેની જગ્યાએ મ્યુનિસિપલ કોર્પોરેશનનું હેલ્થ ખાતું કુંભકર્ણની નિંદ્રામાં છે તેવું વિપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું. શહેરમાં રોગચાળો આટલો વધી ગયો છે તેવા સંજોગોમાં જાહેર આરોગ્યના પગલાંની સાથે સાથે મ્યુનિસિપલ હોસ્પિટલો તેમજ ગરીબ-સામાન્ય લોકો અર્બન હેલ્થ સેન્ટરોમાં સારવાર માટે આવે છે ત્યાં અસરકારક જરૂરી એવી દવાઓ ઉપલબ્ધ થાય તેવી આવશ્યકતા છે.